# ખંભીસર ગામે દલિત યુવકનો વરઘોડો અધૂરો રહ્યો

**બીજા દિવસે કારમાં વરરાજાની રંગે ચંગે જાન પ્રસ્થાન : રેન્જ આઈજી મયુરસિંહ ચાવડા, અરવલ્લી એસપી મયુર પાટીલ, સાબરકાંઠા એસપી ચૈતન્ય માંડલિક અને બંને જીલ્લાનો પોલીસ કાફલો અને એસઆરપીની ટુકડી તૈનાત**

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાના ખંભીસર ગામે જયેશ ડાહ્યાભાઈ



રાઠોડ નામના દલિત યુવકનો વરઘોડો રવિવારે પોલીસ રક્ષણ સાથે નીકળ્યો હતો. ગામના જાહેરમાર્ગ પરથી પસાર થતા સમયે ગામની મહિલાઓએ જાહેરમાર્ગ પર બેસી જઈ ભજન-કીર્તન કરતા યુવકનો વરઘોડો અટવાઈ જતા પોલીસ જાહેરમાર્ગ પર ભજન-કીર્તન કરતી મહિલાઓને હડસેલવામાં નિષ્ફળ રહેતા અને વરઘોડામાં રહેલી મહિલાઓ અને ભજન કીર્તન કરતી મહિલાઓ આમને-સામને આવી જતા અને અચાનક પથ્થરમારો શરૂ થતા ભારે નાસભાગ મચી હતી. પોલીસે પથ્થરમારો અટકાવવા બળ પ્રયોગ કરવાની સાથે લાઠીચાર્જ કરતા બંને સમાજના ટોળા વિખેરાયા હતા. વરરાજાનો વરઘોડો અધૂરો રહ્યો હતો. સમગ્ર ઘટનાના પડઘા રાજ્યમાં પડતા રેન્જ આઈજી મયુરસિંહ ચાવડા ખંભીસર દોડી આવ્યા હતા અને બંને સમાજના લોકો સાથે બેઠક યોજી શાંતિપૂર્ણ માહોલ જાળવવા અપીલ કરી હતી. જીલ્લા પોલીસતંત્રની નિષ્ફળતા સામે રેન્જ આઈજીએ ન્યાયિક તપાસ કરવાની દલિત અગ્રણીઓને હૈયાધારણા આપી હતી.

રવિવારે વરઘોડો અધૂરો રહ્યા બાદ સોમવારે સવારે રેન્જ આઈજી મયુરસિંહ ચાવડા, અરવલ્લી એસપી મયુર પાટીલ, સાબરકાંઠા એસપી ચૈતન્ય માંડલિક અને બંને જીલ્લાનો પોલીસ કાફલો અને એસઆરપીની ટુકડી ખંભીસર ગામે ખડકી દીધી હતી અને પોલીસતંત્રની શાખ બચાવવા અને નિષ્ફળતા છુપાવવા વરઘોડા પર હુમલો થતા ફફડી ઉઠેલા દલિત યુવકના



પરિવારજનોને સમજાવી નિર્ભય બની જાન પ્રસ્થાન માટે સમજાવ્યા હતા.

અધધ પોલીસ કાફલા વચ્ચે સોમવારે જયેશ ડાહ્યાભાઈ રાઠોડની કારમાં જાન પ્રસ્થાન ડીજેના તાલે રંગેચંગે જાનૈયાઓના નાચ-ગાન સાથે ખંભીસરના ગામમાંથી નીકળ્યો હતો અને વરરાજા જાનૈયાઓ સાથે ખંભીસર ગામમાંથી પ્રસ્થાન કર્યું હતું. હજુ પણ ગામમાં વરઘોડામાં થયેલી માથાકૂટ પછી વાતાવરણ તંગ બનતા અને દલિત સમાજના ૨૦ જ ઘર હોવાથી પારેવાની જેમ ફફડી રહ્યા છે. હાલ તો ગામમાં પોલીસ કાફલો તૈનાત હોવાથી શાંતિપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો.

# ખંભીસર દલિત યુવકના વરઘોડામાં ડીવાયએસપીએ મગજનો કાબુ ગુમાવ્યો

મોડાસા, તા. ૧૩

મોડાસા તાલુકાના ખંભીસર ગામે આઝાદીના આટલા વર્ષો પછી પણ એક પણ અનુસૂચિત જાતિના યુવકનો ઘોડા ઉપર વરઘોડો નીકળ્યો નથી. ત્યારે ગામના ડાહ્યાભાઈ પુંજાભાઈ રાઠોડના પુત્ર જયેશના રવિવારે લગ્ન હોવાથી ગામના કેટલાક અસામાજિક તત્વોની ધમકીના પગલે જીલ્લા પોલીસવડાને રજુઆત કરતા પોલીસવડા મયુર પાટીલે ડી.વાય.એસ.પી. ફાલ્ગુની પટેલ સહીત ૧ પી.આઈ અને ૬ પીએસઆઈ અને ૫૦ જેટલા પોલીસકર્મીઓ ખંભીસર ગામે ખડકી દીધા હતા. તંગદિલીભર્યા માહોલમાં ડી.વાય.એસ.પી. ફાલ્ગુની પટેલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં તદન નિષ્ફળ રહેતા અગ્નિભરેલા માહોલમાં ફાલ્ગુની પટેલે મગજ પરનો કાબુ ગુમાવતા આક્રમક બની દલિત સમાજના યુવકો અને અગ્રણીઓને ધમકાવતા સમસમી ઉઠ્યા હતા. આ ઘટનાનો



વિડિઓ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા ડીવાયએસપી ફાલ્ગુની પટેલ સામે રેન્જ આઈજી મયુરસિંહ ચાવડાને રજુઆત કરી શિક્ષાત્મક પગલાં ભરવાની માંગ કરતા રેન્જ આઈજીએ યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

ખંભીસર ગામે નીકળેલા દલિત સમાજના વરઘોડામાં પોલીસ રક્ષણ માટે ઉપસ્થિત ડીવાયએસપી ફાલ્ગુની પટેલ દલિત સમાજને સહકાર ન આપતા હોવાની સાંજના ૫ વાગ્યાના સુમારે જ રાજ્ય પોલીસ વિભાગને જાણ કરી હતી. પોલીસતંત્રની નિષ્ફળતા બંને સમાજના લોકોને આમને-સામને લાવી દીધા હતા. ખંભીસર ગામે ડીવાયએસપી ફાલ્ગુની પટેલની રાહબળી હેઠળ દલિત યુવક જયેશનો વરઘોડો નીકળતા એકજ સમાજના લોકોએ દલિત સમાજના યુવકનો વરઘોડો તેમના ફળિયામાં પ્રવેશતો અટકાવવા ધર્મની આડ લીધી હતી અને મહિલાઓને આગળ ધરી ભજન-કીર્તન સાથે યજ્ઞ હોમ હવનનું શરણ લેતા વરઘોડામાં વિઘ્ન સર્જાતા તંગ વાતાવરણનું નિર્માણ થતા પોલીસતંત્રના ડીવાયએસપી ફાલ્ગુનીબેન પટેલે યજ્ઞમાં બેસેલી મહિલાઓને સમજાવવાનો પ્રયત્ન નિષ્ફળ રહેતા અને દલિત પરિવારના વરઘોડાને રક્ષણ આપવાના બદલે "ઉલ્ટા ચોર કોટવાલ કો ડાટે"ની જેમ ફાલ્ગુની પટેલે મગજનો પારો ઉચકાતા દલિત સમાજના યુવકો અને અગ્રણીઓને ધમકી આપતા સોપો પડી ગયો હતો. સમગ્ર ઘટના સમાજના જાગૃત યુવકોએ મોબાઈલમાં કેદ કરી લીધી હતી અને દલિત સમાજના વિવિધ સોશ્યલ મીડિયામાં વાઈરલ કરતા દલિત સમાજના લોકોમાં ડીવાયએસપી ફાલ્ગુની પટેલ સામે આગામી દિવસોમાં પગલાં ભરવાની માંગ સાથે પોલીસવડા અને કલેકટરને આવેદનપત્ર આપવામાં આવશે તેવી માહિતી પ્રાપ્ત થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ખંભીસર ગામમાં અગાઉ ૧૪ એપ્રિલે થયેલી સામાન્ય માથાકૂટ પછી દલિત સમાજના યુવકના વરઘોડામાં એક સમાજ વિઘ્ન પેદા કરશે અને તેજ પ્રમાણે ઘટના બની હતી. ગામમાં હોમ યજ્ઞ અને ભજન-કીર્તન કરતા દલિત સમાજનો વરઘોડો અટક્યો હતો અને જાહેરમાર્ગ પરથી પસાર થાય તે પહેલા ગામની મહિલાઓ સમૂહમાં બેસી જઈ ભજન-કીર્તન પર બેસી જતા પોલીસતંત્રએ હથિયાર હેઠા મૂકી દેતા સમગ્ર સ્થિતિનું નિર્માણ થયું હતું. ભજન-કીર્તન કરી રહેલી મહિલાઓને ખસેડવામાં આજીજી કરતા ડીવાયએસપી દલિત સમાજ સામે આક્રમક બની જતા હતા. ગામમાં લાઈટ બંધ હોવા છતાં પથ્થરમારો ગમે તે ઘડીએ થઈ શકે છે તેવી સ્થિતિનું નિર્માણ થવા છતાં પોલીસતંત્ર લાઈટ ન હોવાનું ધ્યાને લીધું ન હતું. દલિત સમાજના આગેવાન હસમુખ સક્સેનાએ ભજન-કીર્તનમાં બેઠેલી મહિલાઓને હાથ જોડ્યા હતા તેમ છતાં ન સમજતા આક્રમક ભાષણથી વાતાવરણ તંગ બનતા અંધારૂ થતાની સાથેજ બંને સમાજના લોકો સામ-સામે પથ્થરમારો કરતા પોલીસે લાઠીચાર્જ કરી પરિસ્થિતિ કાબુમાં લીધી હતી. પથ્થરમારામાં એસપી મયુર પાટીલ, ડીવાયએસપી ફાલ્ગુની પટેલ, પીએસઆઈ ચાવડા સહીત ૫ જેટલા પોલીસકર્મીઓ અને ૧૦ જેટલી મહિલાઓ અને પુરુષો પથ્થરમારાનો ભોગ બન્યા હતા. દલિત આગેવાન હસમુખ સક્સેના જણાવ્યા અનુસાર પોલીસે તેમના પર હુમલો કરી લાઠીચાર્જ અને ગડદા-પાટુનો માર મારતા અને જીવને જોખમ જણાતા કેટલાક યુવકોની મદદ લઈ માંડ-માંડ જીવ બચાવી બહાર નીકળ્યો હતો અને અમદાવાદ સિવિલમાં સારવાર લીધી હતી. બે આંગળીઓમાં ફ્રેક્ચર થયું હોવાનું અને ટાંકા લેવા પડ્યા હોવાનું જણાવી અન્ન-જળનો ત્યાગ કરી જ્યાં સુધી ગુજરાતમાં દલિત સમાજના વરઘોડા પર હુમલા થતા નહી અટકે ત્યાં સુધી અનસન પર ઉતર્યો હોવાનું જણાવ્યું હતું.

## ઊંઝાના વરવાડા ગામે અરજી પરત ખેંચવા મામલે મારામારી

ઊંઝા, તા. ૧૩

ઊંઝા તાલુકાના વરવાડા ગામે અરજી પરત ખેંચી લેવા બાબતે ચાર ઈસમોએ એક દલિત સમાજના વ્યક્તિને રસ્તામાં અટકાવી માર મારી પેન્ટના ખિસ્સામાંથી દશેક હજારની રોકડ રકમની લૂંટ ચલાવી હોવાની ફરિયાદ થવા પામી છે.

વિગત એવી છે કે વરવાડા ગામે રહેતા ગણેશભાઈ ભલાભાઈ પરમાર સવારના સમયે પોતાની પત્નિ સાથે એક્ટીવા પર પાટણ જવા નીકળ્યા હતા. ત્યારે ગામમાં પ્રજાપતિ સમાજની નવી બની રહેલ વાડી પાસે ગામના સરપંચ અલ્પેશભાઈ મોતીભાઈ પ્રજાપતિએ એક્ટીવા અટકાવી તમોએ અમારા વિરૂદ્ધ જે અરજીઓ કરી છે તે પાછી ખેંચી લો નહીંતર જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. આ સમયે ગામના જ અન્ય પ્રજાપતિ સમાજના કેટલાક ઈસમોએ માર મારી પેન્ટના ખિસ્સામાંથી દશેક હજારની રોકડ રકમની લૂંટ ચલાવી હતી. ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર માટે ઊંઝા કોટેજ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

આ બાબતે ઊંઝા પોલીસે લૂંટ, ગેરકાયદે અટકાયત, ધમકી તથા એટ્રોસીટી એક્ટ અન્વયે ગુનો નોંધતા એસ.સી.એસ.ટી. સેલ મહેસાણાના ડીવાયએસપીએ વધુ તપાસ હાથ ધરી છે.



## પોશીનાના કુકડી ગામના યુવાનને મગરે નિશાન બનાવ્યો

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના કુકડી ગામના પાંચ મિત્રો ગામ નજીક આવેલ વાકડી નદીમાં નાહવા ગયેલા ત્યારે મગરે એક યુવાનનો પગ ખેંચી લઈ જતા મિત્રોએ મિત્રને બચાવ્યો હતો. ત્યારબાદ ૧૦૮ દ્વારા સારવાર અર્થે ઈજાગ્રસ્ત યુવાનને ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક સારવાર આપી ઈજગ્રસ્ત યુવાનને હિંમતનગર સિવિલમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.



## વડગામના સલેમકોટમાં પાણીનો વેડફાટ

વડગામ તાલુકાના સલેમકોટ ગામમાં પીવાના માટે નું પાણી નું વેડફાટ થઇ રહ્યો છે. સલેમકોટ ગામમાં અનુસૂચિત જાતિ યોજનામાં ૨૦.૦૦૦ હજાર લીટર નું પાંચ મીનીટ ની ઊંચાઇ એ ટાંકુ બનાવાયું છે આ પાણી નુ ભરાઇ જતાં સોમવાર ના બપોરના ના સમયે હજારો લીટર પાણી ન કામુ વહી રહ્યું હતું બનાસકાંઠા જિલ્લા સહિત વડગામ તાલુકા માં પણ કેટલાક ગામોમાં પીવાના પાણી માટે ની સમસ્યાઓ સર્જાઇ રહીછે અને લોકો પાણીના ટીપાં માટે ભટકી રહ્યા છે ત્યારે સલેમકોટ માં ન કામુ પાણી વહી રહ્યું છે ત્યારે તંત્ર એ પણ સજાગ બનીને પાણીના બગાડ સામે સલેમકોટ પંચાયત સામે કાર્યવાહી વાહી કરીને પાણી ની શું કિંમત છે તેનું ભાન કરાવવું જોઈએ તેવું લોકો માં ચર્ચાસ્પદ બન્યું છે.

## ઊંઝા માર્કેટયાર્ડમાં જીરૂ ભરી આવેલ જીપડાલાની ઉઠાંતરી

ઊંઝા, તા. ૧૩

વેપારી મથક ઊંઝા ખાતે માર્કેટયાર્ડમાં જીરૂ ભરીને આવેલ સુરેન્દ્રનગર જિલ્લાના હામપુર ગામના વાહનચાલકના પીકઅપ ડાલાની ધોળા દિવસે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકાના હામપુર ગામના રબારી જીવણભાઈ રણછોડભાઈ ગત તા. છઠ્ઠી મે ના રોજ પોતાની બોલેરો પીકઅપ ડાલા નં. જીજે.૦૯. એવી.૮૮૬૭માં ગામેથી જીરૂ ભરીને વેચવા માટે ઊંઝા માર્કેટયાર્ડમાં આવ્યા હતા. અહીં દુકાન નં. જી ૧૪૯માં જીરૂ ખાલી કરી વહેલી સવારે ચારેક વાગે ઊંઝા રેલવે સ્ટેશન નજીક નિલકંઠ મહાદેવ પાછળની ખુલ્લી જગ્યામાં ગાડી પાર્ક કરી હતી. જ્યાંથી ધોળા દિવસે કોઈ તસ્કરો રૂપિયા દોઢ લાખની કિંમતની મત્તાની ગાડીની ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. દરમિયાન ગાડીના દસ્તાવેજોના આધારે એક સપ્તાહ બાદ ઊંઝા પોલીસ મથકે વાહનચોરીની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઊંઝા શહેર સહિત આસપાસના ગામોમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા વખતથી મિલકત વિરૂદ્ધના ગંભીર પ્રકારના ગુનાઓ, નાની મોટી ચોરીઓ, લૂંટ, શરીર સંબંધી, સ્ત્રી સંબંધી ગુનાઓ તેમજ સમાજ વિરોધી બદીઓનું પ્રમાણ વધી ગયેલ હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે.

## મહેસાણા આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ જોગ

મહેસાણા, તા. ૧૩

મહેસાણા જિલ્લામાં અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને આદર્શ નિવાસી શાળામાં વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. મહેસાણા-ઉંઝા હાઈવે, ફતેપુરા બસસ્ટેન્ડની સામે મહેસાણામાં ધોરણ ૯ અને ૧૦નો અભ્યાસ કાર્યરત છે. જુન ૨૦૧૯થી વિજ્ઞાનપ્રવાહ એ સ્ટ્રીમનો અભ્યાસ શરૂ થઈ રહ્યો છે.

જેમાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે. છાત્ર નિવાસ અને તમામ પ્રકારની શૈક્ષણિક સ્ટેશનરીની સુવિધા વિનામુલ્યે આપવામાં આવે છે. જે ધોરણમાં પ્રવેશ મેળવવો હોય તો તેના આગલા ધોરણમાં ઓછામાં ઓછા ૫૦ ટકા હોવા જરૂરી છે. આ અગેની વધુ માહિતી માટે નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, બહુમાળી ભવન, બ્લોક નં ૪-૧, મહેસાણા ૦૨૭૬૨-૨૨૧૪૧૫ તેમજ આચાર્યશ્રી આદર્શ નિવાસી શાળા મહેસાણા, મહેસાણા-ઉંઝા હાઈવે, ફતેપુરા બસસ્ટેન્ડની સામે, પોસ્ટ બોક્ષ નં. ૩૧, મો. ૮૧૪૧૮૫૩૫૧૫નો સંપર્ક કરવાનો રહેશે.

## ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ચૌધરી સમાજનું ગૌરવ

મોડાસા, તા. ૧૩

મોડાસાની જુનિયર બ્રાઈટ સાયન્સ કોલેજમાં અભ્યાસ કરતી રાજપુર (મહાદેવગ્રામ)ની કુ. હેલી નરેશકુમાર પટેલે પોતાની કોલેજમાં



શિક્ષણ બોર્ડની માર્ચ-૧૯ની પરીક્ષામાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૭.૦૪ પરસેન્ટાઈલ અને વિજ્ઞાનના ૮૩.૩૩ ટકા ગુણ મેળવીને ગામનું અને ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યું છે. જાત મહેનતથી ભણવામાં તેજસ્વી હેલીને સૌએ અભિનંદન પાઠવ્યા હતા. રામદેવ ઉપાસક પૂ. હીરાદાદાએ આશીર્વાદ આપ્યા હતા.

## પ્રાંતિજના બાલીસણા ખાતે શ્રી બાવન સો પરગણા વણકર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બાલીસણા ખાતે શ્રી બાવન સો પરગણા વણકર સમાજનો સત્તરમો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સમુહ લગ્નોત્સવમાં ૩૩ નવદપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

બાલીસણા ખાતે શ્રી બાવન સો પરગણા સમાજનો ૧૭મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો. લગ્નોત્સવ સમિતિ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના રીતરીવાજ મુજબ ૩૩ નવદપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. બાલીસણા ખાતે રહેતા સમાજના ભાઈઓ તથા બાલીસણા પાટીદાર સમાજ, ક્ષત્રિય સમાજે પણ ખૂબજ યોગદાન આપી સમુહ લગ્નોત્સવ સફળ બનાવી એકતાનું સુંદર ઉદાહરણ પુરૂ પાડયું હતું. બાલીસણાના અશોકભાઈ કે. પરમાર તેમજ સમગ્ર વણકર સમાજ



દ્વારા સરપંચ વિનુભાઈ એમ. પટેલનું સન્માન કરવામાં આવ્યું હતુ. શ્રી બાવન સો પરગણા વણકર સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નાથાભાઈ પુંજાભાઈ ડોડીયાએ ૩૩ નવદપતીઓને આશીર્વાદ આપી સમગ્ર બાલીસણા વણકર સમાજ અને પાટીદાર તથા ક્ષત્રિય સમાજનો આભાર માન્યો હતો. આ પ્રસંગે સમાજના આગેવાનો સહિત સમાજના ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સંપુર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન જશુભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.



## મોડાસા તાલુકા ચૌધરી સમાજનું ગૌરવ

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના વરથું ગામના દીપેશ કનુભાઈ પટેલે ગ્રોમોર સંસ્થામાં અભ્યાસ કરીને ડિપ્લોમા ઈલેક્ટ્રિકલ એન્જીનીયરીંગમાં અંતિમ વર્ષમાં કોલેજમાં આ વિભાગમાં અવ્વલસ્થાને આવીને ગામનું અને ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યુ છે. સમાજ અને સગા-સ્નેહીઓ તથા શુભેચ્છકો દ્વારા દીપેશને અભિનંદનની વર્ષા થઈ રહી છે. કોલેજના હેડ બી.એલ. પટેલ અને આ વિભાગના હેડ રમેશભાઈ પ્રજાપતિએ પણ દીપેશને અભિનંદન પાઠવ્યા હતા. મોટી ઈસરોલના રામદેવ ઉપાસક પૂ. હીરાદાદાએ પણ અભિનંદન સાથે આશિર્વચન પાઠવ્યા હતા.

# વડગામમાં પત્નીએ પ્રેમી પાસે કરાવી પતિની હત્યા

**પતિ પત્ની ઔર ઓ ના કિસ્સા નો કરુણ અંજામ : પોલીસ દ્વારા ગણતરીના સમયમાં જ તહોમતદારને ઝડપી લઇને હત્યાનો કરાયો પર્દાફાશ**

વડગામ, તા.૧૩

બનાસકાંઠા જિલ્લા ના વડગામ તાલુકા મથકે રહેતી એક પરિણીતા એ પોતાના પતિની પ્રેમી પાસે હત્યા કરાવી દેતાં વડગામ પંથકમાં ચકચાર મચી ગઈ છે.

પોલીસ દ્વારા ગણતરી ના સમય માં જ તહોમતદાર ને ઝડપી લઈને કડક હાથે તપાસ કરતાં તહોમતદાર ને ગુનો કબૂલી પ્રેમ પ્રકરણ માં યુવકની હત્યા કરાઈ હોવાનું બહાર આવવા પામ્યું હોવાનું પોલીસને તપાસ માં જાણવા મળ્યું છે.

વડગામ ના આંબેડકરનગર પરા વિસ્તાર માં રહેતા સુરેશભાઈ પાનાભાઈ પરમાર ઉ.વર્ષ.આશરે ૩૮ ના લગ્ન વડગામ તાલુકાના પિરોજપુરા (છાપી) ખાતે જશોદાબેન સાથે રિતરીવાઝ મુજબ કરાયા હતા આ બંન્ને ના ઘર સંસાર દરમ્યાન ચાર સંતાન થયાં હતાં બે વર્ષ પહેલાં જ જશોદાબેન ને વડગામ તાલુકાના કોટડી ગામના નરેશભાઈ કાન્તીભાઈ પરમાર સાથે આંખ મળી જતાં બંને વચ્ચે પ્રેમ થઈ ગયો હતો રવિવારના સાંજ ના સમયે સુરેશભાઈ અને તેમની પત્ની જશોદાબેન વચ્ચે કોઈ કારણસર ઝઘડો થતાં જશોદાએ પોતાના પ્રેમી નરેશભાઈ કાન્તીભાઈ પરમાર ને ફોન કરીને



પોતાના પતિ તેને હેરાન કરતો હોય એમ જણાવી ને તેને મારી નાખવા જણાવ્યું હતું અને જો તું તેને ન મારે તો હું જાતે મરી જઈશ તેવું જણાવ્યું હતુ બાદમાં આ મહિલા ના પ્રેમીએ પ્રેમિકાને ના પતિ ને મારવા માટે નો પ્લાન બનાવીને તેને સાડા આઠ વાગ્યાની આસપાસ સુરેશભાઈ ના મોબાઈલ ઉપર ફોન કરીને હું મેમદપુર ગામમાં થી બોલું અને કહ્યું કે એક વર્ધિ છે એક કાકાને વડગામ દવાખાને લઇ જવાના છે તો આવો છો તેમ કહેતાં બાદમાં આ યુવકે કઇ જગ્યાએ આવવાનું કહેતાં તમે મેમદપુર જવા ના રસ્તા પર આવો હું રસ્તામાં જ બાઈક લઈને ઊભો છું તેમ જણાવતાં આ યુવક રીક્ષા લઈને મેમદપુર વર્ધિમા જવાનું કહીને નિકળ્યો હતો વડગામ મેમદપુર વચ્ચે આવેલ લક્ષ્મણ ટેકરી નજીક આ વેલ એક ખેતર જવા ના રસ્તા પાસે બાઈક ઉભું રાખી ને રીક્ષા સાથે યુવકને લઈ જઈને ખેતર માં થી કાકાને લાવે છે તેમ કહીને ઉભા રહેતા આ રીક્ષા ચાલક રીક્ષા માં થી નિચે ઉતરીને રાહ જોતા ઉભો રહ્યો હતો પાછળ થી નરેશભાઈ પરમાર દ્વારા શર્ટના પાછળ ના ભાગે સંતાડેલ ધોકો માથે ના ભાગે મારતાં સુરેશ બેભાન થઈ ને નિચે પટકાતાં આ જશોદાબેન નો પ્રેમી નરેશ પરમાર તેની છાતી ઉપર બેસી જઈને છાતી તેમજ માથા ભાગે બોથડ વસ્તુ મારી ગળુ દબાવી દઈને આ યુવક ની હત્યા કરી હતી અને રાતના પોતે ત્યાં થી નાસી ગયો હતો મોડે સુધી વર્ધિ માં ગયેલ સુરેશભાઈ ઘરે ન આવતાં તેમના પરીવાર જનોએ શોધખોળ કરી હતી પણ ન મળતાં હારી થાકીને રાત વિતાવી હતી સવાર માં મેમદપુર ની સીમમાં કોઈ લાશ પડી હોવાનું તેના કુટુંબીજનો ને થતાં તેનો ભાઈ દોડી જઈ ને તપાસ કરતાં તેના ભાઈ ની લાશ હોવાનું જાણવા મળ્યું હતું અને આ અંગેની જાણ પોલીસને કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ને લાશને વડગામ સી.એચ.સી. ની.એમ માટે લઈ જવામાં આવી હતી બાદ માં તપાસ કરતાં શંકા સ્પદ યુવકને ગણતરી ના સમય માં જ ઝડપી લઈને કડક પુછપરછ હાથ ધરતાં આ યુવક પડી ભાગ્યો હતો અને પોતે હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું પોલીસ દ્વારા નરેશભાઈ કાન્તીભાઈ પરમાર અને મરણ જનાર યુવક સુરેશ ની પત્ની જશોદાને ઝડપી હત્યા અંગે નો ગુનો નોંધી ને આગળ ની વધુ તપાસ હાથ ધરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧